**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૮/૧/૨૦૧૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૩ કેસ કરી, ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૯૪ લીટર દેશી દારૂ અને ૦૩ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**દુષ્પ્રેરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૦૫૦/૧૪**

**કાગડાપીઠ :** મનસુખભાઇ માલજીભાઇ હેડંબર (રહે.રાજીવનગર હરંકુઇની બાજુમાં, બોટાદ તા.જી.બોટાદ) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧/૧૫ રાતનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે પોતાની બહેન ગીતાબહેન મુકેશભાઇ ભોજ (ઉ.વ.૨૫)(રહે.સાંકળચંદ મુખીની ચાલી, બહેરામપુરા) એ તેના જેઠ અને દિયરનાં માનસીક ત્રાસના કારણે આપઘાત કરવા દુષ્પ્રેરણ કરતાં પોતાની સાસરીમાં સાડીથી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એમ.મકવાણા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૮/૧૫**

**ઇસનપુર :** અજયભાઇ નંદલાલ શાહ (રહે.સંતોષી એપાર્ટમેન્ટ, પરંપરા રેસ્ટોરન્ટની બાજુમાં, ઘોડાસર, ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧/૧૫ નાં કલાક ૨/૪૫ થી ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૩૯,૯૫૦/- મળી કુલ રૂપિયા ૫૨,૯૫૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.વી.રાણા ચલાવે છે.

**નારણપુરા :** દેવેશભાઇ દિલીપભાઇ દંડ (રહે.જી.એસ.બી.કોમ્પલેક્ષ, અંકુર રોડ, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૧/૧૫ બપોરનાં ૨/૦૦ થી સાંજનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોનાની ચેઇન તથા ચાંદીના વાસણો અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ભીલ ચલાવે છે.

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૯/૧૫**

**વટવા :** ફિરોઝભાઇ મુખ્તયારભાઇ શેખ (રહે.જ્યુપીટર મીલની ચાલી, દુધેશ્વર રોડ, તાવડીપુરા, શાહીબાગ) એ તા.૩૦/૧૨/૧૪ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે વટવા સદભાવનાનગર ચાર માળીયા બ્લોક નં.૫૫ આગળ પોતાની સી.એન.જી.ઓટોરીક્ષા નંબર જીજે ૧ સી.એક્સ.૯૨૭૩ કિમત રૂપિયા ૭૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩૧/૧૨/૧૪ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ફિરોઝભાઇ શેખે તા.૧૭/૧/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૨૧/૧૫**

**કાગડાપીઠ (૧)** નિકુંજ મનીષભાઇ ડોરીયા (ઉ.વ.૧૬)(રહે.મજુરગામ ત્રણ રસ્તા પાસે, ઘાંચીરામની ચાલી, ગીતામંદીર રોડ) એ તા.૧૭/૧/૧૫ બપોરનાં ૨/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પરીક્ષાના ટેન્શનનાં કારણે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનોદકુમાર થાવરાજી ચલાવે છે.

**(૨)** ઝલકબહેન નાગરભાઇ ટુંડીયા (ઉ.વ.૧૫)(રહે.મજુરગામ સોસાયટી, ગીતામંદીર) એ તા.૧૭/૧/૧૫ બપોરનાં ૪/૦૦ થી સાંજનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાની ખેંચની બીમારીથી કંટાળી જઇ પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એલ.રોહીત ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.